પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૨૨, શુક્રવાર; વૈશાખ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

દેશમાં રિટેલ ફુગાવો ૭.૭૯ ટકાએ પહોંચ્યો

મહામારી બાદ દેશમાં મોંઘવારીનો ભયાનક ભરડો : મે-૨૦૧૪ પછીનો સૌથી ઉંચો મોંઘવારી દર, એપ્રિલ ૨૦૨૧માં મોંઘવારી દર ૪.૨૩ ટકા નોંધાયો હતો

નવી દિલ્હી, તા.૧૨

મહામારી બાદ હવે મોંઘવારીએ ભરડો લીધો છે અને ખાદ્યચીજો તેમજ ઈંધણ-વીજળીની વધતી કિંમતથી ભારતમાં ફુગાવો ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યુ છે. આજે જાહેર થયેલા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ફ્લેક્શન (સીપીઆઈ) એટલેકે રિટેલ ફુગાવો એપ્રિલમાં વધીને ૭.૭૯ ટકાના સ્તરે પહોંચ્યો છે જે મે-૨૦૧૪ પછીનો સૌથી ઉંચો મોંઘવારી દર છે.

આર્થિક નિષ્ણાંતોએ એવો અંદાજ મૂક્યો હતો કે રિઝર્વ બેંક દ્વારા એકાએક વ્યાજદરમાં વધારો કરવા પાછળનું કારણ એપ્રિલમાં ફુગાવો ૮.૩ ટકા રહેવાની ધારણા હતી. તો માર્ચના ૬.૯૫ ટકાની સામે એપ્રિલમાં રિટેલ ઈન્ફ્લેશન ૦.૮૪ ટકા વધીને ૭.૭૯ ટકા થયો છે. તો એપ્રિલ ૨૦૨૧માં મોંઘવારી દર ૪.૨૩ ટકા નોંધાયો હતો. ખાદ્ય ચીજોમાં મોંઘવારી દર વધીને એપ્રિલમાં ૮.૩૮ ટકા થયો જે માર્ચમાં ૭.૬૮ ટકા અને વર્ષ પૂર્વેના સમાન મહિનામાં ૧.૯૬ ટકા હતો. છેલ્લા જાન્યુઆરી મહિનાથી રિટેલ ફુગાવો રિઝર્વ બેંકના ૬ ટકાના ટાર્ગેટ કરતા ઉંચો રહ્યો છે.

સતત પાંચમાં દિવસે બજાર તૂટ્યું

રોકાણકારોના ૫ લાખ કરોડ ડૂબ્યા : બીએસઈ ૫૦૦ના ૮૦ ટકા શેર મંદીમાં, ૪૦ કંપનીના શેરમાં રોકાણકારોની સંપત્તિ અડધી થઈ, સેન્સેક્સમાં ૧૧૫૮, નિફ્ટીમાં ૩૬૦ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા.૧૨

શેરબજારમાં એવો ઘટાડો જોવા મળી રહ્યો છે કે રોકાણકારોનું લોહી સુકાઈ ગયું છે. ગુરુવારે સતત પાંચમા દિવસે બજારમાં હત્યાકાંડ થયો છે. લાર્જ કેપ હોય કે સ્મોલ કેપ, તેઓ મંદીમાંથી બહાર આવવાનું નામ નથી લઈ રહ્યા. બીએસઈ ૫૦૦ના લગભગ ૮૦ ટકા શેર મંદીની પકડમાં છે. લગભગ ૪૦ કંપનીઓના શેરમાં રોકાણકારોની સંપત્તિ અડધી થઈ ગઈ છે.

બજારમાં વેચવાલીનું જોરદાર દબાણ જોવા મળી રહ્યું છે. મુખ્ય સૂચકાંકો તેમની ૫૨-સપ્તાહની ઊંચી સપાટી કરતાં ૧૩ ટકા વધુ ઘટ્યા છે. જ્યારે સ્મોલ કેપ્સ અને મિડ કેપ્સ ૨૦ ટકાથી વધુ ડાઉન છે. હાલમાં દર પાંચમાંથી ચાર શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુરુવારના કારોબારમાં રોકાણકારોના લગભગ ૫ લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા છે. આ રીતે, ૧૧ એપ્રિલના ઉચ્ચ સ્તરથી, બજારમાં રોકાણકારોના લગભગ ૩૪ લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા છે.



અમેરિકામાં ફુગાવામાં અપેક્ષા કરતા ઓછી રાહત, ડોલરમાં સતત વધારો, વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલી વગેરે કેટલાક મુખ્ય કારણો છે, જેના કારણે બજારમાં ઘટાડો જોવા મળ્યો છે. યુએસ સીપીઆઈના તાજેતરના ડેટા અનુસાર, ફુગાવો માર્ચમાં ૮.૫ ટકાથી ઘટીને એપ્રિલમાં ૮.૩ ટકા થયો છે. જો કે, ફુગાવાનો દર ૮.૧ ટકાના અંદાજ કરતા વધારે રહ્યો છે. બીજી તરફ, યુએસ ડૉલર બે દાયકાના ઉચ્ચ સ્તરે યથાવત છે. તેના કારણે ઊભરતાં બજારોના શેરબજારોમાં નોંધપાત્ર નુકસાન થઈ રહ્યું છે. મોટાભાગના એશિયન બજારો લાલ નિશાન પર કારોબાર કરતા

● અનુસંધાન પાન-૭ પર

યુપીના ડીજીપી મુકુલ ગોયલને પદ પરથી હટાવી દેવાયા

ખાતાકીય કામમાં રસ લેતા ન હોવાનું કારણ અપાયું : મુકુલ ગોયલ ડીજીપી રહીને પોલીસિંગ પર ધ્યાન નથી આપી રહ્યા

લખનૌ, તા.૧૨

ગયા વર્ષે જૂનમાં ઉત્તર પ્રદેશ પોલીસની કમાન સંભાળનારા ડીજીપી મુકુલ ગોયલને માત્ર ૧૧ મહિનામાં જ હટાવી દેવામાં આવ્યા છે. મુકુલ ગોયલને હવે સિવિલ ડિફેન્સના ડીજી બનાવવામાં આવ્યા છે.

યુપી સરકારે મુકુલ ગોયલને ડીજીપીના પદ પરથી હટાવવા પાછળનું કારણ પણ જણાવ્યું છે. સ્પષ્ટ રૂપે કહેવામાં આવ્યું છે કે, પોલીસ મહાનિર્દેશક મુકુલ ગોયલ સરકારી કામની અવગણના કરીને ખાતાકીય કામમાં રસ લેતા નથી. સરકારે સ્પષ્ટપણે કહ્યું કે મુકુલ ગોયલ ડીજીપી રહીને પોલીસિંગ પર ધ્યાન નથી આપી રહ્યા. સરકારી કામની અવગણના કરી રહ્યા હતા.

ગયા વર્ષે મુકુલ ગોયલે જ્યારે કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ વિવાદ શરૂ થઈ ગયો હતો. પશ્ચિમ ઉત્તર પ્રદેશના અખબારોમાં એક જ્વેલરી શોરૂમના માલિકે મોટી-મોટી જાહેરાતો આપીને મુકુલ ગોયલને ડીજીપીબનવા પર અભિનંદન આપ્યા હતા. મેરઠ, મુઝફ્ફરનગર, બરેલીમાં તૈનાત મુકુલ ગોયલના શુભ ચિંતકોની આ જાહેરાતે વિવાદની શરૂઆત કરી હતી. ડીજીપીતરીકે મુકુલ

● અનુસંધાન પાન-૭ પર

ઝારખંડની ચર્ચિત મહિલા IAS જેલના સળિયા પાછળ

જેલમાં પહોંચતા જ પૂજા સિંઘલને ચક્કર આવી ગયા : જમીન સંપાદનના મામલે ૨૦૧૭માં સુપ્રીમમાં થયેલી પિટિશન બાદ માઈનિંગ સચિવ શંકાના ઘેરામાં હતા

રાંચી, તા.૧૨

ઝારખંડના ચર્ચિત આઈએએસ અધિકારી પૂજા સિંઘલ હવે જેલના સળિયા પાછળ છે.મનરેગા કૌભાંડ અને મની લોન્ડરિંગના મામલામાં ઈડીએ પૂછપરછ બાદ તેમની ગઈકાલે ધરપકડ કરી હતી.

એવુ કહેવાય છે કે, જેલના સળિયા પાછળ પહોંચતા જ પૂજા સિંઘલને ચકકર આવી ગયા હતા.જેલ અધિકારીઓએ તાત્કાલિક ડોકટરોને તપાસ કરવા માટે બોલાવ્યા હતા. હવે જેલ સત્તાધીસોના કહેવા પ્રમાણે પૂજા સિંઘલની તબિયત સારી છે.

ઉલ્લેખનીય છે કે, ઝારખંડમાં ૨૦૦૯-૧૦ દરમિયાન મનરેગા કૌભાંડ થયુ હતુ. આ મામલામાં ઈડીએ ઝારખંડ, પશ્ચિમ બંગાળ, હરિયાણા અને રાજસ્થાનમાં રેડ પાડી હતી. આ દરમિયાન ૧૭ કરોડ રૂપિયા ચાર્ડર્ટ એકાઉન્ટન્ટના ઘરેથી મળ્યા હતા. તે સમયે ઈડીએ પૂજાના પતિની રાંચી સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

જ્ઞાનવાપી મસ્જિદમાં સર્વે ચાલુ રહેશે

કોર્ટ કમિશનરને નહીં હટાવાય : વારણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ મામલે કોર્ટનો મહત્વનો નિર્ણય : આ સમગ્ર મસ્જિદ પરિસરના સર્વેની કાર્યવાહીને પૂર્ણ કરાવવામાં આવે, જે પણ વ્યક્તિ તેમાં અડચણરૂપ બનશે તેના સામે કાર્યવાહી કરવામાં આવશે

વારાણસી, તા.૧૨

વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ મામલે કોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે સર્વે માટે નિયુક્ત કરવામાં આવેલા એડવોકેટ કમિશનર અજય કુમાર મિશ્રાને હટાવવાનો ઈનકાર કરી દીધો છે. આ સાથે જ કોર્ટે ૧૭મી મે પહેલા જ્ઞાનવાપી મસ્જિદના ભોંયરાનો સર્વે કરવા આદેશ આપ્યો છે. કોર્ટે ૧૭મી મેના રોજ સર્વેનો આગામી રિપોર્ટ આપવા માટે જણાવ્યું છે.

અદાલતે કોર્ટ કમિશનર અજય મિશ્રા ઉપરાંત વિશાલ કુમાર સિંહ અને અજય સિંહને પણ કોર્ટ કમિશનર બનાવ્યા છે. તે બંને અથવા તો તે બંને પૈકી કોઈ એક આ સર્વે દરમિયાન ઉપસ્થિત રહેશે. ફરિયાદી પક્ષના વકીલે જણાવ્યું કે, કોર્ટે સમગ્ર મસ્જિદ પરિસરનો સર્વે કરાવવાનો આદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું કે, ઉત્તર પ્રદેશ સરકાર અને પ્રશાસનને આદેશ આપવામાં આવ્યો છે કે, આ કાર્યવાહીને પૂર્ણ કરાવવામાં આવે. જે પણ વ્યક્તિ તેમાં અડચણરૂપ બનશે તેના સામે કાર્યવાહી કરવામાં આવશે.

વારાણસી સ્થિત જ્ઞાનવાપી મસ્જિદની અંદર વીડિયોગ્રાફી-સર્વે કરાવવા મુદ્દે અને તે માટે નિયુક્ત કરવામાં આવેલા એડવોકેટ કમિશનર અજય મિશ્રાની બદલી મુદ્દે આજે સ્થાનિક કોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. સુનાવણીના પગલે કોર્ટની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. સિવિલ જજની કોર્ટમાં ૭મી મેથી ચાલી રહેલી દલીલો બુધવારે પૂર્ણ થઈ હતી અને નિર્ણયને સુરક્ષિત રાખીને કોર્ટે સુનાવણી માટે આજનો દિવસ નિર્ધારિત કર્યો હતો. આદેશને અનુલક્ષીને સમગ્ર કોર્ટ પરિસરને ખાલી કરી દેવાયું હતું અને માત્ર પક્ષકારો જ કોર્ટમાં ઉપસ્થિત હતા.

કાશી વિશ્વનાથ ધામ-જ્ઞાનવાપી સ્થિત મા શ્રૃંગાર ગૌરી અને અન્ય દેવ વિગ્રહોના સર્વે મામલે છેલ્લા ૩ દિવસથી ચાલી રહેલી તમામ પક્ષોની દલીલ બુધવારે પૂર્ણ થઈ હતી. કોર્ટે ૨ કલાક સુધી ચાલેલી દલીલ સાંભળ્યા બાદ આદેશ માટે તા. ૧૨મી મે નિર્ધારિત કરી હતી.

વિવાદમાં હિંદુ પક્ષે અલાહાબાદ હાઈકોર્ટમાં પોતાની દલીલમાં એડવોકેટ કમિશનર પોતાનું કામ પૂરી ઈમાનદારીથી કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

Infocity
INFO CITY JUNIOR SCIENCE COLLEGE
JUNIOR SCIENCE COLLEGE & SCHOOL
English medium & Gujarati Medium
SARGASAN - GANDHINAGAR
દ્વારા આયોજિત
સેમિનાર (SEMINAR)
ધોરણ -૧૦ પછી વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ને મુંજવતા પ્રશ્નો જેવા કે કયું ગ્રુપ લેવું? A or B or AB ઉપરાંત બોર્ડ સાથે GUJCET / JEE / NEET વગેરે ની તૈયારી કેવી રીતે કરવી તેની માહિત્તિ તેમજ ભણવા ની સાથે સાથે વાંચન અને પ્રેકટીસ નુ મેનેજમેન્ટ કઇ રીતે કરવુ ??? વગેરે સહિત અન્ય તમામ પ્રશ્નોનુ સચોટ માર્ગદર્શન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ અને વાલીઓ એ સેમિનાર માં હાજર રહેવા માટે નું રજીસ્ટ્રેશન 14/05/2022 સુધીમાં
7623871647 / 7623871648
પર કરાવવા નું રહશે.
Date : 15/05/2022 (10 am to 12 noon)
INFOCITY SCHOOL - SARGASAN GANDHINAGAR

શિવસેના ધારાસભ્ય રમેશ લટકેનું હાર્ટએટેકથી નિધન

મુંબઈ, તા.૧૨

અંધેરી પૂર્વ વિધાનસભાથી શિવસેનાના ૫૨ વર્ષીય ધારાસભ્ય રમેશ લટકેનું હાર્ટ એટેકને કારણે નિધન થયું છે. મળતી માહિતી પ્રમાણે બુધવારે તેઓ દુબઈ પોતાના મિત્રને મળવા ગયા હતા.

ગઈ રાત્રે અચાનક હાર્ટ એટેક આવવાના કારણે તેમનું નિધન થઈ ગયું છે. એહવાલ પ્રમાણે જ્યારે તેમને હાર્ટ એટેક આવ્યો ત્યારે તેમનો પરિવાર ખરીદી કરવા માટે બહાર ગયો હતો. ધારાસભ્ય રમેશ લટકેના પાર્થિવ શરીરને દુબઈથી મુંબઈ લાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

રમેશ લટકે વર્ષ ૨૦૧૪થી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સુરેશ શેટ્ટીને હરાવીને પ્રથમ વખત અંધેરી ઈસ્ટથી ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં રમેશ લટકે બીજી વખત અપક્ષ ઉમેદવાર એમ પટેલને હરાવીને ધારાસભ્યની ચૂંટણી લડ્યા હતા.

રાનિલ વિક્રમસિંઘે શ્રીલંકાના નવા વડાપ્રધાન તરીકે વરણી

શ્રીલંકામાં રાજકીય અરાજકતાનો અંત લાવવાના પ્રયાસ : વિક્રમસિંઘે અગાઉ ચાર વખત શ્રીલંકાના વડાપ્રધાનપદે રહી ચુક્યા છે, શપથ બાદ સંસદમાં બહુમતી મેળવશે

કોલંબો, તા.૧૨

શ્રીલંકાના ભૂતપૂર્વ વડા પ્રધાન રાનિલ વિક્રમસિંઘે આગામી વડા પ્રધાન તરીકે શપથ લીધા. ૭૩ વર્ષીય યુનાઈટેડ નેશનલ પાર્ટી (યુએનપી)ના નેતાએ બુધવારે રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે સાથે વાતચીત કરી હતી અને તેઓ ગુરુવારે ફરી મળ્યા હતા.

યુએનપીના વરિષ્ઠ નેતાઓએ જણાવ્યું હતું કે ગુરુવારે સાંજે ૬.૩૦ વાગ્યે (સ્થાનિક સમય) વિક્રમસિંઘેને રાષ્ટ્રપતિ રાજપક્ષે વડા પ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા.

વિક્રમસિંઘે ચાર વખત દેશના વડાપ્રધાન રહી ચૂક્યા છે. ઓક્ટોબર ૨૦૧૮માં તત્કાલિન રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરીસેના દ્વારા તેમને વડાપ્રધાન પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. જો કે, બે મહિના પછી સિરીસેના દ્વારા તેમને ફરીથી વડા પ્રધાન બનાવવામાં આવ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે તેમની પાસે વચગાળાના વહીવટનું નેતૃત્વ કરવા માટે કોસ પાર્ટી છે જે છ મહિના સુધી ચાલે છે. તેમણે

● અનુસંધાન પાન-૭ પર

જય ગોપાલ
બેસણું
હસીને હસાવનાર સૌને રડાવી ગયા, હમણાં આવું છું કહી પલક ઢાળી ગયા, કહી વિચારીના શકાય તેવી અણધારી વિદાય તમારી, અમારા સૌના કાળજા કંપાવી ગઈ, તમારો હસતો ચહેરો અમારી નજર સમક્ષ યાદ બની રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

અનીલ અને દિનેશ જયંતિલાલ જાદવના માતૃશ્રી
મુકતાબેન જયંતિલાલ જાદવ
ઉ.વ. 74 , તા. 12/05/2022 ના રોજ ગોપાલ ચરણ પામેલ છે.
તેમનું બેસણું તા : 13/05/2022 ને શુક્રવારે
સવારે 8:00 થી 10:00 કલાકે નીચેના સ્થળે રાખેલ છે
:: સ્થળ ::
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી (એ.સી. હોલ),
પહેલો માળ, સેક્ટર-7, ગાંધીનગર
લી.
અનીલભાઈ જયંતિલાલ જાદવ :- 88497 01276 / 98799 00070
દિનેશભાઈ જયંતિલાલ જાદવ : 98112 01436
પ્રગ્નેશ હસમુખલાલ જાદવ : 74860 98569
ડૉ. મૌનિલ અનીલભાઈ જાદવ : 97271 50556